| | |
|---|---|
| આંક | ૧૪ |
| દાખલ થયા તા. | ૦૬.૦૨.૨૦૨૫ |
| રજુ કર્યા તા. | ૦૬.૦૨.૨૦૨૫ |
| ફેંસલ કર્યા તા. | ૧૦.૦૬.૨૦૨૬ |
| સમય મર્યાદા | ૦૧ વર્ષ, ૦૪ માસ, ૦૪ દિવસ |

**૫ માં એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ(અમદાવાદ શહેર) સાહેબની કોર્ટ સમક્ષ.**

**ફોજદારી કેસ નં. ૨૬૭૬૪/૨૦૨૫**

**ફરીયાદી :-**

શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :-**

**૧.** શૈલેષકુમાર કાન્તીલાલ પટેલ, ઉ.વ.૪૦,
રહે. મ.નં. ૧૩૭, અંબિકાનગર,
પ્રભાકર ટેનામેન્ટની સામે, જી. ડી. સ્કુલ રોડ,
સૈજપુર બોધા, અમદાવાદ.

**ગુન્હો :- ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૦૬(૧) તથા એમ. વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબ.**

**સરકાર તરફે : વિધ્વાન મદદનીશ સરકારી વકીલશ્રી**
**આરોપી તરફે : વિ. વ. શ્રી આર. બી. બેન્કર**

**-//જજમેન્ટ//-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ

તા.૨૫.૦૯.૨૦૨૪ ના કલાક ૦૮:૦૦ વાગ્યાના આસપાસ જી. ડી. હાઇસ્કુલથી હિરાવાડી તરફ જતા વી.બી.સી. હાઇડ્રોલીક નામની કંપનીના સામે જાહેર રોડ ઉપર પોતાના કબ્જાની ટાટા ટ્રક નં. જીજે.૦૨.ઝેડ.ઝેડ.૬૩૪૧ ની જી. ડી. હાઇસ્કુલ તરફથી પુરઝડપે, બેદરકારી તેમજ ગફલતભરી રીતે લોકોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી લાવી ફરીયાદીના ભાઇ સંદીપકુમાર કાંતીલાલ પ્રજાપતિ ઉ.વ.૨૧ નાઓ પોતાની એકટીવા લઇ પડી જતા ટ્રકના બન્ને ટાયર ચડાવી દઇ માથાના ભાગે તથા શરીરે ગંભીર ઇજાઓ કરી સ્થળ પર મોત નિપજાવી ગુનો કરેલ તે મતલબની ફરીયાદ ફરીયાદીએ "જી" ટ્રાફીક પોલીસ સ્ટેશનમાં ગુ. ર. નં.૧૧૧૯૧૦૫૭૨૪૦૫૨૬/૨૦૨૪ થી નોંધાવતા આગળની તપાસના અંતે ત. ક. અધિકારીએ આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહીતાની કલમ-૨૮૧, ૧૨૫(એ), ૧૦૬(૧) તથા એમ. વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબના આક્ષેપીત ગુન્હાનું ચાર્જશીટ અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સ બજતાં આરોપી હાજર થતાં આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ પુરી પાડી આરોપી સામેના આક્ષેપીત ગુન્હાનું તહોમત આંક-૦૩ થી ફરમાવી આરોપીની પ્લી આંક-૦૪ અન્વયેથી નોંધતાં આરોપીએ ગુન્હો કબુલ નહીં હોવાનું જણાવતાં સદર કેસ પુરાવા પર મુલત્વામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષે ફરીયાદ હકીકત પુરવાર કરવા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો :-**

| **અનુ.** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| ૧ | ૦૬ | ફરીયાદી ગોવિંદભાઇ કાંતિલાલ પ્રજાપતિની જુબાની |

**દસ્તાવેજી પુરાવો :-**

| **અનુ.** | **આંક** | **દસ્તાવેજનું નામ** |
|---|---|---|
| ૧ | ૦૭ | ફરીયાદની નકલ |

| | | |
|---|---|---|
| ૨ | ૦૮ | મરણોત્તર પંચનામાની નકલ |
| ૩ | ૦૯ | બનાવ વાળી જગ્યાના પંચનામાની નકલ |
| ૪ | ૧૦ | જમા લીધેલ મુદ્દામાલ પંચનામાની નકલ |
| ૫ | ૧૧ | એકસીડેન્ટ રીપોર્ટ ફોર્મની નકલ |
| ૬ | ૧૨ | પી. એમ. રીપોર્ટની નકલ |

(૩.૧) ઉપરોકત રજુ થયેલ પુરાવો ધ્યાને લઇ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ તેમના સામેના આક્ષેપોનો ઇન્કારી પોતે બચાવમાં કોઇ સાક્ષી તપાસવા નહીં ઇચ્છતાં હોવાનું અને પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રી ની તથા આરોપીના વિ. વ. શ્રીની મૌખિક દલીલો સાંભળી, પુનરાવર્તનનો દોષ ટાળવા તેની ચર્ચા યોગ્ય મુદ્દાના કારણોમાં કરવામાં આવે છે.

(૫) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં આ કેસના આખરી નિર્ણય સારૂ નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૫.૦૯.૨૦૨૪ ના કલાક ૦૮:૦૦ વાગ્યાના આસપાસ જી. ડી. હાઇસ્કુલથી હિરાવાડી તરફ જતા વી.બી.સી. હાઇડ્રોલીક નામની કંપનીના સામે જાહેર રોડ ઉપર પોતાના કબ્જાની ટાટા ટ્રક નં. જીજે.૦૨.ઝેડ.ઝેડ.૬૩૪૧ ની જી. ડી. હાઇસ્કુલ તરફથી પુરઝડપે, બેદરકારી તેમજ ગફલતભરી રીતે લોકોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી લાવી ફરીયાદીના ભાઇ સંદીપકુમાર કાંતીલાલ પ્રજાપતિ ઉ.વ.૨૧ નાઓ પોતાની એકટીવા લઇ પડી જતા ટ્રકના બન્ને ટાયર ચડાવી દઇ માથાના ભાગે તથા શરીરે ગંભીર ઇજાઓ કરી સ્થળ પર મોત નિપજાવી ગુનો કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ– ૨૮૧, ૧૨૫(એ), ૧૦૬(૧) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ શિક્ષાપાત્ર ગુનો |

| | |
|---|---|
| | કરેલ છે? |
| ૨. | શું હુકમ? |

(૬) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

(૧) નકારમાં.
(૨) છેવટના હુકમ મુજબ.

## – :: કા ર ણો :: –

(૭) ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૧ અને ૧૦૨ સાથે વાંચતા ફોજદારી ન્યાય શાસ્ત્રના સ્થાપિત સિધ્ધાંતો મુજબ, આક્ષેપીત ગુનો આરોપી ધ્વારા જ કરવામાં આવેલ છે તે પુરવાર કરવાની સંપુર્ણ જવાબદારી ફરીયાદપક્ષ પર રહેલી છે, કારણ કે કાયદાના સ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપી જયાં સુધી દોષીત સાબીત ન થાય ત્યાં સુધી નિર્દોષ છે. કાયદાની આ મુળભુત સિધ્ધાંતો લક્ષમાં રાખીને, આ કેસના ન્યાય નિર્ણય હેતુ રેકર્ડ પર રજુ કરેલ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૭.૧) આ કામે ફરીયાદપક્ષની હકીકત મુજબ, આ કામના આરોપીએ તા.૨૫.૦૯.૨૦૨૪ ના કલાક ૦૮:૦૦ વાગ્યાના આસપાસ જી. ડી. હાઇસ્કુલથી હિરાવાડી તરફ જતા વી.બી.સી. હાઇડ્રોલીક નામની કંપનીના સામે જાહેર રોડ ઉપર પોતાના કબ્જાની ટાટા ટ્રક નં. જીજે.૦૨.ઝેડ.ઝેડ.૬૩૪૧ ની જી. ડી. હાઇસ્કુલ તરફથી પુરઝડપે, બેદરકારી તેમજ ગફલતભરી રીતે લોકોની જીંદગી જોખમાય તે રીતે ચલાવી લાવી ફરીયાદીના ભાઇ સંદીપકુમાર કાંતીલાલ પ્રજાપતિ ઉ.વ.૨૧ નાઓ પોતાની એકટીવા લઇ પડી જતા ટ્રકના બન્ને ટાયર ચડાવી દઇ માથાના ભાગે તથા શરીરે ગંભીર ઇજાઓ કરી સ્થળ પર મોત નિપજાવેલ. જે અંગેની ફરીયાદ આ કામના ફરીયાદી ગોવિંદકુમાર કાંતીલાલ પ્રજાપતિ નાઓએ આપેલ તેઓની જુબાની આંક–૦૬ થી નોંધવામાં આવેલ છે. ફરીયાદી તેઓની જુબાનીમાં ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપેલ ન હોય તેઓને એ. પી. પી. શ્રી ધ્વાર ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે. આ ફરીયાદીની ઉલટ તપાસ ધ્યાને લેતાં, બનાવ તેઓએ નજરે જોયેલ નથી જેથી અંગત માહીતી

નથી તેમજ નામદાર કોર્ટમાં હાજર છે તે આરોપીએ પોતાના કબ્જાની ટ્રક પુરઝડપે અને બેફીકરાઇથી ચલાવી લાવી ભાઇનું મૃત્યુ નિપજાવેલ નથી તેવી હકીકત સ્વીકારેલ છે. આ કામે ફરીયાદીની જુબાનીથી ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળતુ નથી. આમ, આરોપી વિરૂધ્ધના તહોમતની હકીકતને ફરીયાદીની જુબાનીથી સમર્થન મળતું નથી. આ સંજોગોમાં રેકર્ડ પર રજુ પુરાવાના આધારે આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે તેમ ઠરાવવામાં આવે છે. આથી, મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## – :: હુ ક મ :: –

(૧) આથી, આરોપી ને બી. એન. એસ. એસ. ની કલમ–૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહીતાની કલમ– ૨૮૧, ૧૨૫(એ), ૧૦૬(૧) તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ અપીલ સમયબાદ બિનશરતી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ બી. એન. એસ. એસ. ની કલમ–૪૭૯ મુજબ છ માસ માટે રૂા.૫,૦૦૦/– પુરાના એકવીટલ જામીન તથા જાતમુચરકો ઉપલી અદાલતમાં જો અપીલ થાય તો તેમાં હાજર રહેવા સંબંધે આપવાના રહેશે.

હુકમ આજરોજ તા.૧૦ મી માહે જુન સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**[ દર્શકકુમાર દિનેશચંદ્ર શાહ ]**

અમદાવાદ.

૫ મા એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ સીટી(કોર્ટ નં.૧)
Code-Gj00956